ગાંધીનગર હોટ...હોટ...

ગરમીના પારની દોટ તાપમાન ૪૪.૮ ડીગ્રી : ગઇકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૧.૮ ડીગ્રી વધ્યુ : આકાશમાંથી આગ વરસી : શહેરીજનો શેકાયા : જનજીવન સતત ગરમીથી ત્રાહીમામ

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં વળતા ઉનાળે ગરમીનો આકરો મિજાજ સૌ કોઇ માટે બેચેનીનુ કારણ બન્યો છે. આકરી ગરમીના લીધે શહેરીજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ગરમી ઘટશે તેવી આશ વચ્ચે આજે ગઇકાલની સાપેક્ષમાં અચાનક જ મહત્તમ તાપમાન ૧.૮ ડીગ્રી વધી જતા આકાશમાંથી અંગારા વરસતી ગરમીના લીધે નગરજનોએ ચામડીના દાહ અનુભવ્યા હતા. મહત્તમ તાપમાન ૪૪.૮ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ.

શહેરમાં ગરમીનો પારો ફરી એકવાર ઉંચે ચઢયો છે. છેલ્લા બે દિવસથી ગરમીનો પારો ચઢઉતર થાય છે. અગાઉ ઉનાળાની સિઝનનુ રેકર્ડ બ્રેક તાપમાન ૪૫ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે મહત્તમ તાપમાનના અંતે પણ ગરમીનો પારો ૪૪ ડીગ્રીની આસપાસ જ રહેતા શહેરીજનો આકમક ગરમીની ચુંગાલમાંથી હજુ છુટયા નથી. ગઇકાલે મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ગરમી ૧.૮ ડીગ્રી વધી ૪૪.૮ સુધી પહોંચી જતા શહેરીજનોએ આગ ઓકતી ગરમીનો સામનો કરવાનો વારો આવ્યો હતો. આકરી ગરમીએ સૌ કોઇને બેચેન કરી દીધા છે. આજે ગરમીએ ફરી હદ વટાવતા નગરજનો દિવસ દરમિયાન આકરા તાપથી બચવા ઘરમાં પુરાયેલા રહ્યા હતા. જયારે બપોરના સમયે શહેરમાં સન્નાટો છવાયેલો જોવા મળ્યો હતો. આખો દિવસ આકાશમાંથી અંગારા વરસતા શહેજનોએ અંગ દઝાડતી ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. ગુરુવારે ગરમીનો પારો ૪૩ ડીગ્રી રહેતા હવે મહત્તમ તાપમાનમાં ગિરાવટ આવશે તેવી આશ જન્મી હતી પરંતુ ગરમીએ ઉપર તરફ દોટ લગાવતા આજે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નજીક તાપમાનનો પારો પહોંચી ગયો હતો. આકરા હીટવેવના લીધે જનજીવન પ્રભાવિત થયુ છે. સતત ગરમીએ સૌ કોઇને બેબાકળા કરી દીધા છે. શહેરીજનો ગરમીથી હવે ગુંગળામણ અનુભવી રહ્યા છે. વરસાદી વાદળો ગોરંભાય તે માટે ખેડુતો પણ હવે નભ તરફ નજર માંડરી રહ્યા છે. આકરી ગરમીથી બચવા માટે નગરજનો છાશ, લીંબુ શિકંજી, આઇસ્ક્રીમ તેમજ શેરડીના રસ સહીત રસાળ ફળોનુ સેવન વિશેષ પ્રમાણમાં કરી રહ્યા છે. ગરમી એકબાજુ વધી રહી છે. ત્યાર ગરમીથી ત્રસ્ત જનજીવન વહેલા વરસાદ વરસે તેની આશ સાથે આકાશી નઝારો બદલાય તેની વાટે છે.

ગાંધીનગરનો પર્લ પટેલ નીટની પરીક્ષામાં ઝળકયો

સારા પરિણામ માટે રીવીઝન સહીત ડાઉટસ સ્પષ્ટ કરવા અનિવાર્ય :કીશોર કલાસીસના માર્ગદર્શન હેઠળ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ : પર્લ પટેલ

ગાંધીનગર તા ૭

નીટની પરીક્ષાનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થી અને વાલીઆલમમાં ઉત્તેજનાનો અંત આવ્યો છે. ગાંધીનગરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ પણ આ પરીક્ષામાં ઝળક્યા છે. જેમાં સે-૨૩ સ્થિત ગુરુકુલ સ્વામિનારાયણ સેલ્ફ ફાઈનાન્સ સ્કુલનો વિદ્યાર્થી પર્લ પટેલે પણ ૬૨૩ ગુણ પ્રાપ્ત કર્યા છે. કીશોર કલાસીસના માર્ગદર્શન હેઠળ નીટની પરીક્ષામાં સફળ થનારા પર્લને આગળ ડોકટર બનવુ છે.

નીટની પરીક્ષામાં ગાંધીનગરમાંથી પણ તેજસ્વી વિદ્યાર્થીઓ ઝળક્યા છે. મેડીકલ તેમજ પેરામેડીકલમાં પ્રવેશ માટે અત્યંત મહત્વની આ પરીક્ષાના પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વિશેષ ઉત્સુકતા સાથે ઈન્તેજારી જોવા મળી હતી. જયારે પરિણામ દરમિયાન વેબસાઈટ ઓપન ન થતા આ ઈન્તેજારી વધુ પ્રબળ બની હતી. મેડિકલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ માટે જરૂરી આ કસોટીમાં શહેરના કીશોર કલાસીસના વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર સફળતા મેળવી છે. જેમાં સે-૨૩ સ્થિત ગુરુકુલ સ્વામિનારાયણ સેલ્ફ ફાઈનાન્સ સ્કુલનો વિદ્યાર્થી પર્લ રાજેશકુમાર પટેલે ૭૨૦ માંથી ૬૨૩ ગુણ પ્રાપ્ત કર્યા છે. પર્લે બાયોલોજીમાં ૩૧૬, ફીઝીક્સમાં ૧૫૬ અને કેમેસ્ટ્રીમાં ૧૫૧ ગુણ પ્રાપ્ત કર્યા છે.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તેણે ૮૮.૩૩ ટકા પરિણામ પ્રાપ્ત કર્યુ હતુ. જયારે નીટની પરીક્ષામાં પણ પર્લે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. પર્લના જણાંવ્યા મુજબ હવે આગળ એમ બી બી એસમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે.

કીશોર કલાસીસના બળવંતસર તેમજ અજયસરના માર્ગદર્શન હેઠળ ધાર્યામુજબ પરિણામ પ્રાપ્ત થયુ છે. રીવીઝન વર્ક તેમજ આવતા ડાઉટસ સ્પષ્ટ કરવાથી પરિણામ સારુ મળે છે તેમ પણ તેણે ભાવિ વિદ્યાર્થીઓને જણાંવ્યુ છે. તેના જણાંવ્યા મુજબ નીટની પરીક્ષા પણ લોજીકલ હતી જેના લીધે પરિણામલક્ષી ઉત્તેજના પણ વધી હતી. પરંતુ હવે પરિણામ સારુ આવતા આગામી દિવસોમાં મેડીકલમાં પ્રવેશ મેળવવામાં સરળતા રહેશે.

જિલ્લામાં ૧ ૬મીએ કૃષિ મહોત્સવ અને પશુ આરોગ્ય મેળાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૧ ૬મી જૂનના રોજ જિલ્લાના ચારેય તાલુકામાં કૃષિ મહોત્સવની ઉજવણી કરાશે. તેમજ ચારેય તાલુકામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ૧ ૬મીએ જિલ્લાના કલોલ તાલુકાના ભાદોલ ગામે, ગાંધીનગર તાલુકાના લોદરા ગામે, દહેગામ તાલુકાના પાલૈયા ખાતે અને માણસામાં માણસા ખાતે કૃષિ મહોત્સવનું આયોજન કરાયુ છે.

જ્યારે કલોલ તાલુકાના કાંડા ગામે ગાંધીનગર તાલુકાના સાદરા ગામે, દહેગામના પૈલાયા ખાતે અને માણસાના ધમેડા ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું છે.

કૃષિ મેળામાં આધુનિક કૃષિ પદ્ધતિઓ તેમજ પાક-આયોજન અંગે પ્રદર્શન યોજવામાં આવ્યુ છે. આ સ્થળોએ વિવિધ કૃષિ આનુસંગિક બાબતોના સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવનાર છે.

આ ચારેય તાલુકામાં યોજાનાર કૃષિ મહોત્સવમાં પ્રયોગશીલ ખેડૂતો તેમની સફળતાની વાતો કરશે ઉપરાંત ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિને લઈ કૃષિ વૈજ્ઞાનિકો સાથે ખાસ કૃષિ ગોષ્ઠીનું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આયોજનને આગામી એકાદ બે દિવસમાં આખરી

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો ફિયાસ્કો

સરેરાશ એક ગામ દીઠ ૯૦ વ્યક્તીની હાજરી : ૧૧૧ ગ્રામસભામાં માત્ર ૬૪ પ્રશ્નો જ આવ્યા જેમાં ૧૬ પડતાર રહ્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ચાલતા ગ્રામસભા અભિયાનનો ફિયાસ્કો થવા પામ્યો છે અને આ અંગેના અહેવાલથી તંત્રના અધિકારીઓની ઊંઘ ઉડી જવા પામી છે.

જિલ્લામાં ૧લી જુનથી શરૂ થયેલ ગ્રામસભા અભિયાનમાં અત્યાર સુધીમાં ૧૧૧ સભાઓ સંપન્ન થઈ ગઈ છે. આ અભિયાનમાં સરેરાશ ૯૦ ગ્રામજનોની હાજરી નોંધાયેલી જણાય છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામસભા અભિયાનમાં કુલ ૧૦,૮૮૪ વ્યક્તીઓએ હાજરી આપી છે. ૫૦ ટકા મહિલાઓની અનામત પંચાયત રાજ વ્યવસ્થામાં છે પણ આ ગ્રામસભાઓમાં માત્ર ૩૧૪૫ મહિલાઓએ હાજરી આપી છે જ્યારે ૭૭૩૯ પુરૂષોએ હાજરી આપી છે.

આ અભિયાન દરમ્યાન ૬૪ પ્રશ્નો રજુ થયા હતા. જેમાંથી ૩૮ પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે જ્યારે ૧૦ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો છે. ૧૬ પ્રશ્નો નીતિ વિષયક બાબતોને લગતા હોવાથી પડતર રહ્યા છે.

આમ સરેરાશ ગ્રામસભા અભિયાનમાં એક ગામ દીઠ અડધો પ્રશ્ન રજુ થયો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગરમીનો પ્રકોપ હોવાથી લોકોની હાજરી જરૂર ઓછી હોવાનો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે.

જિલ્લામાં ૩૦૩ ગામો પૈકી ૧૯૬ ગામોમાં ગ્રામસભા અભિયાન યોજાયુ છે જ્યારે બાકીના ગામોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચારસંહિતા અમલમાં હોવાથી ત્યાં ગ્રામસભા યોજાઈ રહી નથી જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ગ્રામસભા અભિયાનને સતત નિષ્ફળતાઓ મળી રહી હોવાથી તંત્ર પણ આ મુદ્દે વિમાસણમાં છે. આ અભિયાનમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પણ બે જેટલા ગામોમાં હાજરી આપી હતી.

જિલ્લામાં ગ્રામસભા અભિયાનના થઈ રહેલા ફિયાસ્કાના પગલે આગામી દિવસોમાં આવી રહેલા સરકારી કાર્યક્રમોના આયોજન અંગે પણ હવે ઝીણવટપૂર્વક ચર્ચાઓ કરી આગળ વધી રહ્યા છે.

આગામી સપ્તાહમાં જિલ્લા વિકાસ અધિકારી પણ ગ્રામસભા અભિયાનમાં જોડાઈ અને આ અભિયાનને સફળ બનાવવા પ્રયાસ કરશે. તાલુકા વિકાસ અધિકારીની સમીક્ષા બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચાઓ કરી હતી.

શ્રદ્ધાંજલિ

સ્વ. શ્રી ઉત્તમભાઇ ભટ્ટ

આપશ્રીની યાદ અમો તથા અમારા મૂક-બધિર બાળકોને હંમેશા રહેશે.
પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

:: સ્નેહાધીન ::
સ્વ. કમલેશભાઇ એ. જાની
ગં.સ્વ. કૈલાસબેન કે. જાની

નિશીતભાઇ વ્યાસ, ધર્મેશભાઇ ત્રિવેદી
રાજેશ પંચોલી, વૈભવ કે. જાની
નટવરસિંહ ચાવડા, અજીતસિંહ રાણા
ગોવિંદસિંહ ચાવડા, કિશોરભાઇ રાણા
માધુભાઇ ડામોર, વિષ્ણુભાઇ ચૌધરી
રામભાઇ પટેલિયા, અશોકભાઇ પારેખ

સમસ્ત સમર્પણ પરિવાર, સેક્ટર-૨૮, ગાંધીનગર

ગ્રીનસીટી તરીકે ઓળખાતા ગાંધીનગરની હાલત હાલ એટલી હદે કથળી ગઈ છે કે, ગાંધીનગરની ગ્રીનરી હવે પ્રશ્નાર્થમાં જવા પામી છે... શહેરની એક ઓળખ ઉદ્યાન નગરી પણ થતી હતી.... આ શહેરમાં પપથી વધુ બગીચાઓ આવેલા છે પરંતુ તેની જાળવણી અને નિભાવણીમાં તંત્ર અને નગરજનો ઉણા ઉતરતા આ વૃક્ષો અને હરિયાળી હાલ જીર્ણ થઈ રહ્યા છે... એટલું જ નહિ પરંતુ ગાંધીનગરનો ગ્રીનસીટીનો દરજ્જો પણ છીનવાઈ ગયો છે... વારંવાર સરકાર આ દરજ્જો પાછો અપાવવાની જાહેરાતો સતત કરે છે... પરંતુ આ બગીચાઓની જાળવણી આજે પણ થતી નથી અને આ માટે જરૂરી કર્મચારી બળ પણ ઉપલબ્ધ ન હોવાને કારણે ગાંધીનગર વેરાન બની ગયું છે... આ વેરાન ગાંધીનગરના સેક્ટર-પના ઉદ્યાનની એક તસવીર... જેમાં બગીચાની લોન તો સુકાઈ ગઈ છે... સાથે વૃક્ષોની હાલત પણ કથળી ગઈ છે... નગરજનો તો બગીચાને ક્રિકેટનું મેદાન સમજતા હોય તેમ ક્રિકેટ રમવા પહોંચી જાય છે... આપણે પણ આ બગીચાઓની જાળવણી માટે જાગૃત થવાની જરૂર છે... આપણે જ આપણી જવાબદારી સમજી બગીચાની જાળવણીમાં અને એની સુંદરતામાં વધારો કરીએ... ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવા માટે રાજકીય ઈચ્છાશક્તિની સાથે પ્રજાશક્તિનો સમન્વય કરીએ તે સમયની માંગ છે...

ખેડૂતોના હિતમાં સરકારે મહત્વના નિર્ણયો કર્યા છે : સંજયપ્રસાદ

ગાંધીનગર, તા. ૭

રાજ્યમાં અછતની સ્થિતિને ધ્યાને રાખી રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં પ્રથમવાર રૂ. ૧૬૦૦ કરોડ જેટલી કૃષિ સહાય આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો અને તેનો સીધો લાભ ખેડૂતોને મળ્યો છે એમ રાજ્યના કૃષિ વિભાગના અગ્ર સચિવ સંજયપ્રસાદે જણાવ્યુ હતુ.

આજે પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતુ કે રાજ્યના ૧૦ લાખ ૫૪ હજાર ખેડૂતોને સાત દિવસમાં જ રૂ. ૨ હજાર કરોડ પાક-વીમા પેટે ચુકવવામાં આવ્યા છે.

પાક-વીમાની મોડી ચૂકવણીનો ઈન્કાર કરતાં તેમણે કહ્યુ હતુ કે રાજ્યમાં ઉનાળુ વાવેતરનો અહેવાલ ૩૧-૫-૧૯ના રોજ તૈયાર થયો છે અને તેને આધારે કંપનીઓ દ્વારા પાક વીમાની ચૂકવણી કરતી હોય છે. સરકાર અને કેન્દ્રની સીધી દેખરેખ હેઠળ સાત જ દિવસમાં ખેડૂતોને આ રકમની ચૂકવણી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૫મા કૃષિ મહોત્સવની ઉજવણી દ્વારા અમે ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થાય તે માટે વિશેષ માર્ગદર્શન આપવા ઉપરાંત સિંચાઈની આધુનિક પદ્ધતિઓ, જળસંચયનું મહત્વ પણ સમજાવીશુ.

તેમણે જણાવ્યુ હતુ કે કૃષિ મહોત્સવની પેટર્નમાં પણ આપણે ફેરફાર કર્યો છે. ખેડૂતો સાથે સીધો સંવાદ કરવા ઉપરાંત પ્રયોગશીલ ખેડૂતોને પણ પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. તેમના અનુભવો તેઓ અન્ય ખેડૂતોને કહે તેના પર પણ ભાર મુકવામાં આવ્યો છે.

ખરીફ સિઝનની વાવણીના આરંભે આ મહોત્સવ થતો હોય છે. હજુ વાવણીનો આરંભ થયો છે અને તેને સફળતા ચોક્કસ મળશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance — એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા — CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

નામ બદલેલ છે
મારું નામ બબીબેન મોતીભાઈ ચાવડા હતું તે બદલીને બબુબેન દીપકભાઈ પરમાર રાખેલ છે. જેની નોંધ લેવી.
લી.
બબુબેન દીપકભાઈ પરમાર
સેક્ટર-૨/બી, ગાંધીનગર

Craayons Pre-School & Activity center
ADMISSION OPEN 2019-20
VISHESH changing children's lives... AFTERNOON BATCH
DAY CARE - PLAY GROUP - SENIOR KG
JUNIOR KG - NURSERY
Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com